બાળકો અને
નવયુવાનો માટે

# હાદી

માસિક




ઝુલકાઅદ, હીજરી સન ૧૪૩૧,
ઓક્ટોબર-૨૦૧૦



રૂા. 30/-

# અલ્લાહના નેક નામો

## અર્રાફેઓ

**આ પરવરદિગારના પ્રખ્યાત વિશેષણ વાચક નામો પૈકીનું નામ છે અને આના ઘણા ફાયદા અને ખાસિયતો છે.**

**અગત્યના અર્થ :** (૧) ઉચ્ચ સ્થાને પહોંચાડનાર
(૨) કોઈ વસ્તુને પાસે લાવનાર-વિસ્તૃત કરનાર અને જાહેર કરનાર
(૩) ખુબ જ ઝડપથી અને ખૂબ સખ્તાઈથી કામ કરનાર

## કુરાનમાં આ વિશેષણનો પ્રયોગ :

આ વિશેષણનો પ્રયોગ પણ કુરઆનમાં થયેલ છે. દા.ત. એક વિસ્તૃત આયતમાં વર્ણન છે કે : રસૂલોમાંથી અમોએ કેટલાંકોને કેટલાંકો ઉપર શ્રેષ્ઠતા આપી છે. તેઓમાંથી એવા પણ છે જેમની સાથે અલ્લાહે (સીધે સીધી રીતે – કોઈ મધ્યસ્થી વગર – ડાયરેકટ) વાતચીત કરી છે અને તેઓ માહેના કેટલાંકના સ્થાનોને ઉચ્ચ કર્યા છે. (દરજ્જા વધાર્યા છે) અને ઈસા–ઈબ્ને–મરયમ(મરયમના પુત્ર ઈસા) ને અમોએ ખુલ્લા મોઅજીઝા આપ્યાં અને રૂહુલ કુદુસ (જીબ્રઈલ) દ્વારા તેમને સબળ બનાવ્યાં...

## માઅસૂમીન અ.સ.ની વાણીમાં :

માઅસૂમીન અ.સ.ની. વાણીમાં પણ આ વિશેષણનો પ્રયોગ થયેલો છે. દા.ત. દુઆએ મશલૂલમાં છે કે : વ–રફઅ–ઈદ્રિસા – મકાનન – અલયના – બરેહમતેહી – અને હે ! ઈદ્રિસને પોતાની રેહમતથી ઉચ્ચસ્થાને પહોંચાડનાર..

### ખાસિયતો અને ફાયદા :

**(૧) જે કોઈ વ્યક્તિ ઝોહરની નમાજ પછી "યા રાફેઓ"નો સો વખત વિર્દ કરશે તેને ખુદાવન્દે આલમ ઉચ્ચ સ્થાને બિરાજમાન કરશે.**

**(૨) જો કોઈ વ્યક્તિ "યા રાફેઓ"ને પોતાનો વિર્દ બનાવી લેશે તેના કામો પોતાની મેળે સહેલાઈથી થતાં જશે. ધન દોલત પોતાની મેળે તેની પાસે આવતી રહેશે અને તેમાં રોજ-બ-રોજ વૃદ્ધિ જ થતી રહેશે.**

**(૩) "યા રાફેઓ"નો દિવસમાં કોઈપણ સમયે ૩૫૧ વખત વિર્દ કરવું તે દુઆ કુબુલ થવા અંગે અને હાજતો પૂરી થવાની બાબતે ફાયદાકારક છે.**


E-mail : hadimasik@yahoo.com

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

તમારું પ્રિય માસિક એટલે કે ‘ હાદી ’એ બે વરસનો પ્રવાસ પૂરો કરી લીધો છે અને આજે તમારા હાથમાં આ ચોવીસમો અંક છે.

આ “હાદી માસિક”ની બે વરસની સફર પૂરી થઈ છે તેમાં પરવરદિગારે આલમની દયા અને કૃપા અને હઝરાતે માઅસૂમીન (અ.સ.)ની પણ કૃપા દૃષ્ટિ સામેલ રહી છે, નહીં તો અદૃશ્ય સહાયતા વગર આ કાર્ય શક્ય જ નહોતું અને સાથે અસંખ્ય મોઅમેનીનના સહકારે આ કાર્યને આસાન કરી દીધું. ઘણાં મોઅમેનીન ભાઈઓએ અમને પ્રોત્સાહિત કર્યા, સભ્યો બનાવ્યાં, આર્થિક સહાયતા કરી–અમે એ તમામ લોકોના હૃદયપૂર્વક આભારી છીએ.

આ ૨૪(ચોવીસ) અંકોમાં તમને વાર્તાઓ - ટુચકા - દીની જાણકારી અને ઘણીબધી સારીસારી વાતો, એવું ઘણું વાંચવા મળ્યું છે.

અમે તમારા પોતાના ‘હાદી’ માસિકના વર્ષગાંઠના પ્રસંગે તમને સૌને મુબારકબાદી આપીએ છીએ.

વહાલા બાળકો ! ફક્ત ‘ હાદી ’ના જ બે વરસ પૂરા નથી થયા – તમે પણ એક વરસ મોટા થઈ ગયાં છો અને તેથી તમારી જવાબદારીઓમાં પણ વધારો થઈ ગયો છે.

વહાલા બાળકો ! દિવસો – માસ – વરસ કેટલા ઝડપથી પસાર થઇ જાય છે કે આપણને તેનો ખ્યાલ પણ આવતો નથી અને સમય પસાર થઇ જાય છે. આપણે પોતાના સમયનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરવો જ જોઈએ કેમકે પસાર થઈ ગયેલો સમય કદી પાછો મળતો નથી.

વહાલા બાળકો ! આ માસમાં ઈમામતના સિલસિલાની આઠવી કડીની વિલાદત અને શહાદત બંને છે. આપણે વિલાદતની ખુશાલીમાં ખુશીની મહેફીલ અને શહાદતના શોકમાં અઝાદારીની મજલિસમાં જવાનું ભૂલવું જોઈએ નહીં.

ઋતુમાં પણ ફેરફારો થઈ રહ્યાં છે. ઋતુમાં ફેરફારો આરોગ્યની દૃષ્ટિએ ઘણાં મહત્વના હોય છે, તેથી ઋતુના આ ફેરફારોમાં આપણે દરેક પ્રકારે સુરક્ષાની વ્યવસ્થા કરવી જરૂરી છે.

તમે જે રીતે એક વરસ સુધી અમારી સહાયતા કરી છે તે રીતે જ પેઈન્ટીગ – પત્રો – પોતાના રિઝલ્ટ અને ફોટા મોકલીને અમારી સહાયતા કરવાનો સિલસિલો ચાલુ જ રાખજો.

અને મોઅમેનીનથી ગુઝારિશ છે કે તેઓ પણ આ દીની કાર્ય આગળ વધારવામાં પોતાની પૂરેપૂરી સહાયતા ચાલુ રાખે.

અજરોકુમ ઈલલ્લાહ.

વસ્સલામ

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

ઝેરે સરપરસ્તી હઝરતે હુજજત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક–પ્રખર વિદ્વાન–કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુશોભન :
સાજીદ પંજ (Skype Graphics)
9898013082

વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલહાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

વાર્ષિક લવાજમ રૂા.૩૦૦/-

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com

# સૂરએ અઅરાફ

કુરઆનની અત્યારની ગોઠવણી પ્રમાણે આ સાતમો સૂરો છે. આ સૂરો મક્કી (મક્કામાં નાઝિલ થએલો સૂરો) છે. તેથી તેની શરૂઆતમાં હશ્રના દિવસ અને કયામતનો ઉલ્લેખ છે, અને માનવ ઉત્પત્તિ એટલે કે હઝરત આદમ અ.સ. નું સર્જન કેવી રીતે થયું તે અંગે પણ વર્ણન છે. તે ઉપરાંત એવા લોકોનો પણ ઉલ્લેખ છે કે જેઓ (એક વખત ઈસ્લામ ધર્મ અંગિકાર કરીને) ઇસ્લામના માર્ગેથી વિચલિત થઇ ગયા છે અને નૂકશાનમાં રહેનારાઓમાં જેમનો સમાવેશ થઇ ગયો છે. કુરઆનના આસમાની (આકાશી) કિતાબ હોવા અંગે - તેના સંપૂર્ણ અનુકરણ અને અનુસરણની આજ્ઞા - હઝરત આદમ અ.સ.નો સંપૂર્ણ વર્તાવ અને તેના નૈતિક પાસાઓ - આદમના સંતાનોને શિખામણ, બિનજરૂરી ખેર્ચાઓની મનાઇ વિગેરે બાબતોનું આ સૂરામાં ખાસ વર્ણન છે.

"અઅરાફ" જન્નત (સ્વર્ગ) અને દોઝખ (નર્ક) વચ્ચેના સ્થળનું નામ છે. તેના પૂર્વાપર સંબંધને કારણે જ આ સૂરાનું નામ અઅરાફ રાખવામાં આવ્યું છે. આ સૂરામાં બલ્અમેબાઊરના પ્રસંગનું પણ વર્ણન છે. આ બલ્અમેબાઊર જનાબ મૂસા અ.સ.ના કાળમાં એક વ્યકિત હતો. તેને "ઈસ્મે આઝાબ" (અલ્લાહના નામોમાંથી એક એવું નામ જે નામના વાસ્તાથી માંગેલી તમામ દુઆઓ કબૂલ થાય છે. આ નામનું જ્ઞાન અઈમ્મએ તાહેરીન અ.સ. સિવાય ઘણી ઓછી વ્યક્તિઓને છે.) નું જ્ઞાન હતું. તેણે પોતાના આ જ્ઞાનનો ઉપયોગ હઝરત મૂસા અ.સ. વિરૂધ્ધ કરવા ઈચ્છ્યું. જેના કારણે તેના "ઈસ્મે આઝાબ" ના જ્ઞાનની અસર તેની પાસે રહી નહીં.

આ સૂરાની તિલાવત (વાંચન)ની ફઝીલત વિશે ઈમામ સાદિક અ.સ.નો ઈર્શાદે ગિરામી છે કે "જે કોઈપણ વ્યક્તિ દર માસે આ સૂરાની તિલાવત કરશે, કયામતના દિવસે તે સંપૂર્ણપણે ભય મુક્ત હશે, તેને કોઈ દુઃખ રહેશે નહીં." અને જો દર જુમ્આ (શુક્રવારે)ના દિવસે આ સૂરાની તિલાવત કરવામાં આવે તો તેના હિસાબમાં અસંખ્ય નેકીઓ લખવામાં આવશે અને અસંખ્ય બુરાઈઓ તેના હિસાબમાંથી દૂર કરી દેવામાં આવશે અને કયામતના દિવસે આ સૂરો સાક્ષી કરશે કે આ વ્યક્તિ કુરઆનના કારી (વાંચન કરનારાઓ) પૈકીનો હતો.




E-mail : hadimasik@yahoo.com

# નહજુલ બલાગાહ

## ડહાપણભરી વાતો,

## ચાર શિખામણો

બીમારીની સ્થિતિમાં જ્યાં સુધી હિમ્મત હોય ત્યાં સુધી હરતાં-ફરતાં રહો
કલ્મા નં. ૨૬

એનો અર્થ એ થાય છે કે રોગ મોટો વિકરાળ સ્વરૂપ ધારણ ન કરે ત્યાં સુધી તેને ખોટું મહત્ત્વ આપવું જોઈએ નહીં. કેમકે જો થોડાક રોગને પણ મહત્ત્વ આપીને તે બાબત મન ઉપર લઈ લેવામાં આવે તો માનસિક રીતે પણ વ્યક્તિને પોતાની બીમારી વધારે મોટી લાગવા લાગે છે. તેથી હરતાં-ફરતાં રહેવાથી અને પોતે તંદુરસ્ત છે - પોતાને કોઈ રોગ છે જ નહીં તેવી માનસિકતા કેળવવાથી રોગ ઓછો થઈ જાય છે, એટલું જ નહીં પરંતુ તેનાથી શરીરમાંની રોગ પ્રતિકારક શક્તિ પણ નબળી પડતી નથી અને મનોબળને પણ દૃઢ કરે છે, અને મનોબળ પોતે જ નાના-મોટા રોગોને દબાવી દે છે. પરંતુ જો બીમારી ઘણી વધારે છે, તેવા વહેમમાં વ્યક્તિ સપડાઈ જાય તો તેનું મનોબળ પણ ભાંગી પડે છે.

નેક કામ કરનાર પોતે તે નેક કાર્યથી સારો (બહેતર) છે અને ખરાબ કામ કરનાર તે ખરાબ કાર્ય કરતાં પણ ભૂંડો છે - કલ્મા નં. ૩૨

દાન કરો પરંતુ બિનજરૂરી ખર્ચ ન કરો. કરકસર કરો પરંતુ કંજુસાઈ ન કરો.
- કલ્મા નં. ૩૩

સૌથી વધુ ધનવાન એ છે જે નિસ્પૃહ હોય - ભાવાનુવાદ - કલ્મા નં. ૩૪





## માઅસૂમએ કુમની વિલાદત :

૧ ઝિલકાઅદતુલ હરામ- સન ૧૮૩ હિજરીના દિવસે હઝરત ઈમામ રિઝા અ.સ.ના બહેન - જે માઅસૂમએ કુમના નામે પ્રખ્યાત છે તે - જનાબ ફાતેમા - બિન્તે - ઈમામ કાઝિમ અ.સ.ની વિલાદત થઈ હતી. આપ પણ ઈમામ રિઝા અ.સ.ના માતા જનાબ નજમા ખાતૂનની કૂખે જ જન્મયાં હતાં. આપને ઈમામ કાઝિમ અ.સ.ના કુટુંબ (ખાનવાદા)માં "ફાતેમા કુબરા" કહેવામાં આવતું હતું.





## માઅસૂમએ કુમની વિલાદત :

૧ ઝિલકાઅદતુલ હરામ- સન ૧૮૩ હિજરીના દિવસે હઝરત ઈમામ રિઝા અ.સ.ના બહેન - જે માઅસૂમએ કુમના નામે પ્રખ્યાત છે તે - જનાબ ફાતેમા - બિન્તે - ઈમામ કાઝિમ અ.સ.ની વિલાદત થઈ હતી. આપ પણ ઈમામ રિઝા અ.સ.ના માતા જનાબ નજમા ખાતૂનની કૂખે જ જન્મયાં હતાં. આપને ઈમામ કાઝિમ અ.સ.ના કુટુંબ (ખાનવાદા)માં "ફાતેમા કુબરા" કહેવામાં આવતું હતું.



# નમાઝે તૌબા



રિવાયતમાં આવ્યું છે કે આપ સ.અ.વ. ઝિલહજ માસના એક શનિવારે પોતાના મકાનમાંથી બહાર તશરીફ લાવ્યા અને પોતાના સાથીઓની સભામાં જઈને ફરમાવ્યું : તમારામાંથી કોણ છે જે તૌબા કરવા ઈચ્છે છે ? આ સાંભળીને બધાં જ લોકોએ કહ્યું : અમે બધાં જ અમારા ગુનાહો માફ થાય તે માટે તૌબા કરવાની ઈચ્છા ધરાવીએ છીએ. આપ સ.અ.વ.એ ફરમાવ્યું : "તો ચાલો - ઉભા થાવ - ગુસલ અને વઝૂ કરો અને હું બતાવું છું તે રીતે ચાર રકાત નમાઝ પઢો, કે તેની દરેક રકાતમાં એક વખત સૂરએ હમ્દ (સૂરએ ફાતેહા - અલ્હમદોનો સૂરો)- ત્રણ વખત "કુલહો વલ્લાહ" નો સૂરો - એક એક (બંને સૂરા એક-એક વખત) સૂરએ કુલ અઊઝો બેરબ્બિલ ફલક" અને "કુલ અઊઝો બે રબ્બિન્નાસ" પઢો અને તે પછી (નમાઝ પૂર્ણ કર્યા પછી) સિત્તેર વખત ઈસ્તિગફાર કરો. (એટલે કે ૭૦ વખત "અસ્તગફિરૂલ્લાહા -વ- અતુબો ઈલ્યહ" એ દુઆ પઢો) પછી કહો "લા હવલા-વલા કુવ્વતા - ઈલ્લા - બિલ્લાહિલ - અલીયિલ અઝીમ" તે પછી કહો "યા અઝીમો - યા ગફફારો - ઈગફિરલી ઝુનૂબા - વ - ઝુનુબા કુલ્લે જમીઅલ મોઅમેનીના-વલ-મોઅમેનાત-ફ-ઈન્નહૂ-લા-યગફરૂઝઝુનૂબા - ઈલ્લાઅન્તા"

તે પછી ફરમાવ્યું "એવું ક્યારેય બનવાનું નથી કે કોઈ મુસલમાન આ નમાઝ પઢે અને તેને એવી આકાશવાણી સંભળાવવામાં ન આવે કે" "હે ખુદાના બંદા, તારા સઘળા ગુનહાઓ માફ કરી દેવામાં આવ્યા છે. તારી તૌબા કુબુલ કરી લેવામાં આવી છે - તેથી હવે તું તારું જીવન નવેસરથી પ્રારંભ કર !!"





E-mail : hadimasik@yahoo.com

અને આ સિવાય પણ અનેક ફરિશ્તાઓ તેને જુદી જુદી ખુશખબરો સંભળાવશે. એક ફરિશ્તો કહેશે "હે ખુદાના બંદા! તને તારા કુટુંબ (ખાનદાન) અને કબીલાવાળાઓને મુબારકબાદી છે." એક બીજો ફરિશ્તો કહે છે "હે ખુદાના બંદા! હવે તું કોઈ બીક રાખીશ નહીં, જે કયામતના દિવસે તારાથી નારાજ થવાવાળા હતાં તેમને તે પ્રસન્ન કરી દીધાં."



એક અન્ય ફરિશ્તો અવાજ દેશે કે "તું ઈમાન સાથે મરીશ. દીન તારાથી જુદો નહીં થાય અને તારી કબર વિશાળ અને પ્રકાશિત થઈ જશે" એક ફરિશ્તો કહેશે કે "હે ખુદાના બંદા ! તારા માતા-પિતા તારાથી પ્રસન્ન થઈ ગયાં - તારા માતાપિતા અને તારા કુટુંબીજનોના ગુન્હાઓ માફ કરી દેવામાં આવ્યા. આ જગત અને આખેરતમાં તારા માટે રોજીમાં વૃધ્ધિ કરી દેવામાં આવી છે."

અને જિબ્રઈલ અ.સ. કહેશે કે - "હે ખુદાના સેવક ! ખુશ થઈ જા - અને હંમેશાં પ્રસન્ન રહે કેમકે તારા મૃત્યુની પળે હું મલેકુલ - મૌત (મૃત્યુના ફરિશ્તા) સાથે આવીશ અને તેમને હુકમ કરીશ કે તારી સાથે મહેરબાનીથી વર્તે અને તારી રૂહને સહેલાઈથી - આરામ અને ખુશીથી કબ્ઝ કરે."

લોકોએ અર્ઝ ગુજારી કે "હે અલ્લાહના નબી સ.અ.વ. ! જો આ નમાઝને કોઈ બીજા દિવસે - કોઈ બીજા સમયે કરવામાં આવે તો તેનો શો બદલો મળશે ?"

આપ સ.અ.વ. એ ફરમાવ્યું : "તેના માટે પણ આ સવાબ અને જઝા (બદલો) જ છે."

છેવટે આપ સ.અ.વ.એ ફરમાવ્યું : "આ અમલ જિબ્રઈલ અ.સ.એ મને મેઅરાજની રાત્રે બતાવેલ હતો."



# હુદૈબિયાહની સંધિ

## (સુલ્હે હુદૈબિયાહ)



આ મહીનાના અંત ભાગમાં કુફ્ફારે કુરૈશની સાથે પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ. એ કરેલી "સુલ્હે હુદૈબિયાહ" નામે પ્રખ્યાત થએલી એક સંધિનો પ્રસંગ પણ બનેલો છે.

આ સંધિના મૂળ કારણની બાબતે કહેવાય છે કે પયગમ્બરે અકરમ સ.અ.વ. એ પોતાના કેટલાંક સાથીઓ સાથે "ઉમરાહ"ના આઅમાલ બજાવી લાવવા માટે મક્કાની દિશામાં પ્રયાણ કર્યુ. આપે મસ્જિદે શિજરા નામની એક મસ્જિદથી "ઉમરાહ"નો એહરામ બાંધ્યો. (ઉમરાહ અને હજ વખતે હાજીઓ સફેદ કાપડના સીવ્યા વગરના કાપડના જે બે ટુકડા ધારણ કરે છે તેને એહરામ કહેવામાં આવે છે) અને આગળ જઈને "હુદૈબિયાહ" નામના કુવા પાસે જઈને રોકાયા. આ કુવો સુકાઈ ગયો હતો. અસહાબ (સાથીઓ) એ જ્યારે આપને આ વાત જણાવી તો આપે મોઅજિઝો દેખાડ્યો, જેનાથી કુવામાં એટલું વધારે પાણી આવી ગયું કે ઝરણાંની જેમજ ઉછળવા લાગ્યું.

બીજી બાજુ મક્કાના કાફરોએ પયગમ્બર સ.અ.વ.ના મક્કા તરફના પ્રયાણની વાત જાણી તો તેઓ પણ ત્યાં આવી ગયા, અને આપ સ.અ.વ.નો માર્ગ અવરોધી દીધો. થોડીક બોલાચાલી પછી મક્કાના કાફરોએ કેટલીક શરતોએ નબીયે અકરમ



સ.અ.વ. સાથે સંધિ કરી લીધી. આ સંધિને "સુલ્હે હુદૈબિયા" - હુદૈબિયાની સંધિ કહેવામાં આવે છે. કુરઆને શરીફમાં આ સંધિને ઈસ્લામની સ્પષ્ટ સફળતા ગણાવી છે. (સૂરએ ફત્હ આયત-૧) ખરેખર આ સંધિ ઈસ્લામની મહાન સફળતા હતી. કેમકે જે શરતો નક્કી થઈ હતી તે તમામ શરતો મુસલમાનો અને ઈસ્લામ માટે લાભદાયક જ હતી. કેટલીક શરતો અને તેના સૂચિતાર્થો અને પરિણામ જોઈએ.

કેટલીક મહત્ત્વની શરતો :

૧. મુસલમાનો આ વરસે હજ કે ઉમરાહ માટે નહીં જાય પરંતુ આવતા વરસથી આ કાર્યો કરશે. આ શરતથી એકબાજુએ સાચા અને આજ્ઞાંકિત મુસલમાનો કોણ છે તે જાહેર થઈ ગયું તો બીજી તરફ હઠ પકડવાને કારણે થનાર યુધ્ધના નુકશાન સામે પણ રક્ષણ મળી ગયું.

૨. દસ વરસ સુધી મુસલમાનો અને (મક્કાવાસી) કાફરો આપસમાં યુધ્ધ નહીં કરે. આ શરતથી તે વખતે નબળા હતાં તે મુસલમાનોને પોતાની શક્તિ એકઠી કરવા અને બળ પ્રાપ્ત કરવા માટે જોઈતો શાંતિનો સમયગાળો મળી ગયો.

૩. મક્કાથી પલાયન કરી આવેલાંને મુસલમાનો મક્કા પરત કરી દેશે. પરંતુ મદીનાથી મક્કા ગયેલ લોકોને મદીના પાછા મોકલવાની જવાબદારી મક્કાવાસીઓની નહીં હોય. આ શરતને કારણે મક્કાથી આવેલ વ્યક્તિને જ્યારે મક્કા પણ પહોંચાડી દેવામાં આવે તો તે ઈસ્લામના શિક્ષણથી મલામાલ થઈને મક્કા પરત જતો હતો અને મદીનાથી મક્કા ગયેલ વ્યક્તિને પરત કરવો મક્કાવાસીઓની જવાબદારી ન હોવાથી ત્યાં જ રહીને ઈસ્લામનો પ્રચાર-પ્રસાર કરતો હતો.



# નેકીઓ : (સદ્ગુણો)

## ★ દાન અને દયાવૃત્તિ :

ખુદાવન્દે આલમ પોતાની કિતાબ કુરઆને કરીમમાં ઈર્શાદ ફરમાવે છે : "વયુઅતરૂના અલા ઈન્ફાસે હિમવલવ કાના બેહિમખસાસા" અને જોકે તેમને તે વસ્તુની જરૂરિયાત હોય છે. (તેમ છતાં) તે પોતાની જાત કરતાં અન્યોને અગ્રતા આપે છે.

અને રસૂલે ઈસ્લામ સ.અ.વ. થી રિવાયત છે કે "ખુદાવન્દે આલમે પોતાના અવલિયાને દયાવૃત્તિ અને સદ્ચારિત્ર આપ્યા છે" આપ સ.અ.વ.થી એવી પણ રિવાયત છે કે "ગુન્હાની બક્ષિસના કારણોમાં લોકોને ભોજન કરાવવું, સલામ કરવું અને (દરેક સાથે) સારી વાણીમાં વાત કરવી તે છે" આપ સ.અ.વ.એ એવું પણ ફરમાવ્યું છે કે "દયાવાનના ગુન્હાની અનદેખી કરો. કારણ કે જ્યારે કોઈ દયાવાન વ્યક્તિ કોઈ ભૂલ (ગુન્હો) કરે છે ત્યારે ખુદા તેનો હાથ પકડી લે છે. (તેને અટકાવે છે) અને આપ સ.અ.વ.એ એવું પણ ફરમાવ્યું છે કે "અલ જન્નતો દારલ અસિખ્યા" જન્નત તો દાન કરનારાઓનું ઘર છે અને આપ સ.અ.વ.એ એવું પણ ફરમાવ્યું છે કે "જે લોકોનો હાથ વધારે દાન કરે છે તેઓ અફઝલ (ઉચ્ચ) હોય છે."

## ★ કુટુંબીજનો :

રસૂલે ખુદા સ.અ.વ.થી રિવાયત છે કે "અલ કાદો અલા અયાલેહી - કલ - મુજાહેદે ફી સબીલિલ્લાહ" પોતાના કુટુંબીજનો (ઘરના લોકો) માટે રોજી માટે મહેનત કરનાર વ્યક્તિ (રોજી શોધનાર વ્યક્તિ) ખુદાના માર્ગે જિહાદ કરનાર વ્યક્તિ જેવો છે. આપ સ.અ.વ.થી જ રિવાયત છે કે "વ્યક્તિ પોતાના કુટુંબીજનો માટે જે કોઈ ખર્ચા કરે છે તે સદકો છે." આપ સ.અ.વ. થી એવી પણ રિવાયત છે કે "તમે પોતાના બાળકો માટે એક દીનાર ખર્ચ કર્યો હોય - ખુદાના માર્ગે એક દીનાર ખર્ચ કર્યો હોય - કોઈ ગુલામને આઝાદ કરાવવા માટે એક દીનાર ખર્ચ કર્યો હોય અને કોઈ ગરીબને એક દીનાર સદકો દીધો હોય તેમાંથી સૌથી વધારે સવાબ એ દીનારનો છે જે તમે પોતાના બાળકો માટે ખર્ચ કર્યો હોય"


E-mail : hadimasik@yahoo.com

# શયતાનની જાળ

ઈમામ સાદિક અ.સ.ના એક સહાબી ઈસ્હાક-બિન-અમ્માર કહે છે કે ઈમામે એક દિવસ મને ફરમાવ્યું હતું કે "હે ઈસ્હાક ! મારા મિત્રો સાથે જેટલી ભલાઈ કરી શકતાં હોવ તે કરો, કેમકે જ્યારે એક મોમિન પોતાના બીજા મોમિન ભાઈ ઉપર ઉપકાર કરે છે તો જાણે તે શયતાનના મોઢાને પોતાના નખ વડે ઉઝરડી નાંખે છે અને તેના હૃદયને જખ્મી કરે છે."

ઈમામ સાદિક અ.સ.નો ઈર્શાદ છે કે "મનુષ્યને ફસાવવા માટે શયતાન પાસે જાળ અને દોરડાં છે. તેથી તમે પોતાની જાતને તેનાથી બચાવીને રાખો," આ વાત સાંભળી ને જુન્દબ એ અર્જ ગુજારી "હે ફરઝન્દે રસૂલ ! (સ.અ.વ.) શયતાનની તે જાળ એટલે શું ?" આપે ફરમાવ્યું : "એક તો એ કે તે તમને મોમિન ભાઈ સાથે સારૂં વર્તન અને ઉપકાર કરતાં અટકાવે છે અને તેના દોરડાઓ ઊંઘ વિગેરે છે. એટલે કે મનુષ્ય ઊંઘી જાય જેથી કરીને તે વાજિબ નમાઝ વગેરે બજાવી લાવી ન શકે."

**શયતાનને મારો**

અબૂ મગરાહ કહે છે કે "મેં ઈમામ કાઝિમ અ.સ.ને એવું ફરમાવતાં સાંભળ્યાં છે કે શયતાનથી લડવા માટે શસ્ત્રો સજો અને શયતાનને ખૂબ વધારે જખ્મી કરી દો. શયતાનને સૌથી વધારે જખ્મી કરનાર શસ્ત્ર મોમિનોનું આપસમાં હળી મળીને રહેવું અને એકબીજાથી મળતાં રહેવું છે."

ખરેખર ! જ્યારે એ મોમિન એકબીજાથી મળે છે અને તેઓ ખુદા વિષે અને અમો અહલેબૈતની ફઝીલતો વિષે વાતો કરે છે ત્યારે દર્દની અતિશયતાથી શયતાનના મુખારવિંદનું માંસ પડવા લાગે છે.

ઈમામ બાકિર અ.સ.નો ઈર્શાદ પણ છે કે

"ખુદા એ વ્યક્તિ ઉપર પોતાની રહેમત ઉતારે જે બે મિત્રો વચ્ચે પ્રેમ અને મિત્રતા કરાવી આપે. તેથી હે ઈમાનવાળાઓ ! આપસમાં એકબીજાનો પ્રેમ અને વહાલ કેળવો."



# હદીસોનો ગુલદસ્તો

## કૃતજ્ઞતા (આભાર વ્યક્ત કરવો તે)

★જે લોકો (ના ઉપકાર)નો આભાર વ્યક્ત નથી કરતો તે ખુદા (ના ઉપકારો)નો આભાર કેવી રીતે વ્યક્ત કરી શકે?

- નબીયે અકરમ સ.અ.વ. (સારૂસ્સાહેદીન- ભા.૯ પા. ૪૬૫)

★ ખુદા કયામતના દિવસે પોતાના બંદાને પુછશે, તેં ફલાણાં (ના ઉપકારો)નો આભાર કેમ વ્યક્ત નહોતો કર્યો ? - તે વખતે બંદો જો કહેશે કે હે ખુદા ! મેં તારો તો આભાર વ્યકત કરી જ લીધો હતો. ખુદા કહેશે "તેં તેનો આભાર વ્યકત નથી કર્યો એનો એ અર્થ એ થાય છે કે તેં મારો પણ આભાર વ્યક્ત નથી કર્યો." અલ્લાહની દષ્ટિએ એ વ્યક્તિ જ (ખુદાનો) સૌથી વધારે શુક્ર અદા કરનારો છે જે લોકોનો આભાર પણ મોટા પ્રમાણમાં વ્યકત કરતો હોય.

- ઈમામે સજ્જાદ અ.સ. (ઉસૂલે કાફી - ભા.૨ - પા. ૯૯)

★ જેણે તમારા સુધી (કોઈ) નેઅમત પહોંચાડી હોય તેનો આભાર વ્યક્ત કરો.

- ઈમામ સાદિક અ.સ. (તોહફુલ ઉકુલ પા. ૪૧૬)

★ જે વ્યક્તિ લોકોમાંથી નેઅમત આપનારનો આભાર વ્યક્ત નથી કરતો તે જાણે અલ્લાહ તઆલાનો શુક્ર અદા નથી કરતો.

- ઈમામ રિઝા અ.સ. (વસાએલુશ્શીઆ - ભા.૬ પા.૫૪૨ )

★ જેણે પોતાના મા-બાપ પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ નથી કરી તેણે જાણે અલ્લાહનો શુક્ર અદા નથી કર્યો.

- ઈમામ રિઝા - (બિહારૂલ અનવાર - ભા.૮૪ - પા. ૬૮)


E-mail : hadimasik@yahoo.com

★ નિઃશંકપણે ખુદાએ પોતાના બંદાને પોતાનો અને તે બંદાના માતા-પિતાનો શુક્ર અદા કરવા આજ્ઞા કરી છે.

- ઈમામ રિઝા અ.સ. (બિહારૂલ અનવાર - ભા.૭૪ - પા. ૬૮)

★ ઈમામ હુસૈન અ.સ.એ પોતાના એક ફરઝન્દને શિક્ષક પાસે શિક્ષણ પ્રાપ્તિ માટે મુક્યો. જયારે આપ અ.સ.ના ફરઝન્દે "સૂરએ હમ્દ" યાદ કરી લીધો તો ઈમામ અ.સ.એ તે શિક્ષકને બોલાવી તેને તેની શાનને લાયક પુરસ્કાર આપવા ઉપરાંત તેના મોઢાને મોતીઓ અને હીરા ઝવેરાતથી ભરી દીધો. ત્યારે એક વ્યક્તિ બોલી ઉઠ્યો "ફક્ત" "સૂરએ હમ્દ" શીખવવાના બદલામાં આટલું બધું ઈનામ!! ઈમામ અ.સ. એ ફરમાવ્યું : આ ઈનામ તો શિક્ષકે જે શીખવાડ્યું છે, તેના પ્રમાણમાં કાંઈ જ નથી. આ ધનદોલત તેણે શીખવેલ અનમોલ પાઠની બરાબરી કરી શકે તેમ છે જ નહીં."

- ઈમામ હુસૈન અ.સ. સંબંધિત એક રિવાયત (બિહારૂલ અનવાર - ભા. ૪૪, પા.૧૯૧)

★ એક વ્યક્તિ નબીયે અકરમ સ.અ.વ. પાસે આવ્યો અને પુછ્યું : હું કોની સાથે નેકી કરૂં ? આપ સ.અ.વ. એ ફરમાવ્યું "પોતાની માતાની સાથે" - તેણે પૂછ્યું "તે પછી કોની સાથે ?" આપ સ.અ.વ. એ ફરમાવ્યું "માતાની સાથે". તેણે પૂછ્યું "તે પછી ?" આપ સ.અ.વ.એ ફરમાવ્યું : "માતા સાથે " તેણે ફરી પુછ્યું, તે પછી ? ત્યારે આપે ફરમાવ્યું : "પિતાની સાથે" (એટલા માટે કે સંતાનો માટે માતા-પિતાની સેવા ઘણી વધારે હોય છે. તેમાં પણ માતાની સેવા તો ઘણી જ વધારે હોય છે. તેથી નબી સ.અ.વ.એ માતાની સાથે નેકી કરવાની, તેનો આદર કરવાની અને તેનો પાડ માનવાની ત્રણ વખત તાકીદ કરી)

- નબીયે અકરમ સ.અ.વ. (ઊસૂલે કાફી - ભા. ૪૪, પા. ૧૯૧)

# ખુશાલીના પ્રસંગો



## અશઅશ-બિન-કૈસનું મૃત્યુ :

પહેલી ઝિલકાઅદના દિવસે જ અહલેબૈત અ.સ. નો એક ખૂબ મોટો શત્રુ જહન્નમમાં ગયો હતો. ઈમામે સાદિક અ.સ. એ આ મલઊન વિશે ફરમાવ્યું છે કે આ ઈમામ અલી અ.સ. ને શહીદ કરવામાં સામેલ હતો. આની દીકરી જાઅદાએ ઈમામ હસન અ.સ.ને ઝેર આપ્યું હતું અને આનો પુત્ર મુહમ્મદ ઈમામ હુસૈન અ.સ.ને શહીદ કરવામાં સામેલ હતો.

આ કુટુંબના કાળા કરતૂતોનો ઈતિહાસ સાક્ષી પૂરે છે. આ મલઊનના પુત્રે કરબલામાં યઝીદી સૈન્ય સાથે રહીને યઝીદના સૈન્યનો પૂરેપૂરો સાથ આપ્યો હતો. તે પહેલાં કૂફામાં જનાબ મુસ્લિમને પકડાવી દેવામાં પણ તેની સામેલગીરી હતી.

## બની કરીઝાના યુધ્ધનો વિજય :

એક મત પ્રમાણે "બની કરીઝા"નામનું યુધ્ધ આ માસમાં જ થયું હતું. જેમાં ૩ હજાર મુસ્લિમો શરીક થયાં હતા. પરંતુ એક જ મુજાહિદ શહીદ થયો હતો અને કાફરોના ૯૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતાં અને છેવટે મુસલમાનોએ આ યુધ્ધમાં વિજય મેળવ્યો હતો.





E-mail : hadimasik@yahoo.com



## હજ્જતુલ - વિદાઅ - માટેની રવાનગી :

સને ૧૦ હિજરીમાં આ મહીનાની દશમી તારીખે જ પયગમ્બરે અકરમ સ.અ.વ.એ પોતાના પવિત્ર જીવનના અંતિમ હજ માટે નીકળવાની ઘોષણાં કરી હતી. તે વખતના મુસ્લિમ જગત અને કબીલાના લોકો પણ આવી નબી સ.અ.વ. સાથે હજમાં સામેલ થયાં હતાં. તેમની સંખ્યા એક લાખ કરતાં વધારેની કહેવામાં આવે છે. આ હજના પ્રવાસમાં જનાબ ફાતેમા ઝહરા સલા.–ઈમામ અલી અ.સ.ની બહેન ઉમ્મે હાની – ફાતેમા બિન્તે હમઝા – ઉમ્મે સલમા અને પયગમ્બરે અકરમ સ.અ.વ.ની અન્ય પત્નિઓ આયેશા – હિફસા વિગેરે પણ સામેલ હતાં. ઉલ્લેખનીય છે કે આ એ જ હજનો પ્રવાસ હતો જેમાં હજ કરીને પાછા ફરતી વખતે પયગમ્બરે અકરમ સ.અ.વ.એ ખુદાના હુકમથી ગદીરના મેદાનમાં હઝરત અલી અ.સ.ની ઈમામની ઘોષણા કરી હતી અને તેના પરિણામ સ્વરૂપે "દીને ઈસ્લામ" પૂર્ણ થયો છે, તેવો ઈલાહી સંદેશો પણ લોકોને પહોંચાડી દીધો હતો.

(મનાકિબે–ઈબ્ને શહર આશૂર ભા.૩–પા.૨૫ અને તબકાતે ઈબ્ને સાઅદ ભાગ–૩, પા. ૩૩૫ માંથી સંક્ષિપ્ત કરીને)





# ૯૯ નવ્વાણું કતલ

પ્રાચીન કાળમાં એક એવો વ્યક્તિ હતો જેણે નવ્વાણુ નિર્દોષ વ્યક્તિઓના ખૂન કર્યા હતા. છેવટે તેને એવી ચિંતા કોરી ખાવા લાગી કે આખેરતમાં શું થશે ? તેથી તેણે જગતમાં સૌથી મહાન વિદ્વાન કોણ છે તેની પુછપરછ શરૂ કરી. તો તેને જાણવા મળ્યું કે સૌથી મહાન વિદ્વાન ધર્મગુરૂ અને સંત ફલાણો રાહિબ (યહૂદીઓના ધર્મગુરૂ) છે. તેથી તે વ્યક્તિ પેલા રાહિબ સમક્ષ ગયો અને તેને કહ્યું કે મેં નવ્વાણું ખૂન કર્યા છે. શું મારી તૌબા કુબુલ થઈ શકે ? તે સંતે કહ્યું : “આટલી મોટી સંખ્યામાં નિર્દોષોના ખૂન પછી તો તૌબાનો પ્રશ્ન જ ક્યાં રહે છે ?” તેથી ગુસ્સે થઈને તેણે તે સંતનું પણ ખૂન કરી નાંખ્યું. પરંતુ તે પછી ફરી તેને પ્રાયશ્ચિત કરવાની ચિંતા સતાવવા લાગી. ફરી તેણે કોઈ મહાન વિદ્વાન સંતની શોધખોળ શરૂ કરી. ફરી તેને એક મહાન વિદ્વાન-સંત વિશે જાણકારી મળી. તે તેમની પાસે પહોંચી ગયો અને તેમને કહ્યું કે મેં સો નિર્દોષ વ્યક્તઓના ખૂન કર્યા છે. પંરતુ પ્રાયશ્ચિત (તૌબા) કરવા માંગુ છું તો શું મારી તૌબા કુબુલ થઈ શકે તેમ છે ? તે સંતે કહ્યું : કેમ ના થઈ શકે ? તૌબાના દ્વાર તો હંમેશાં જ ખુલ્લા હોય છે. પછી તે સંતે નેક લોકોની એક વસ્તી અંગે માહિતી આપીને કહ્યું કે “તું ત્યાં ચાલ્યો જા - તે લોકો હંમેશા અલ્લાહની



ઈબાદતમાં જ પરોવાએલા રહે છે. તું પણ જઈને તેમની સાથે ઈબાદતમાં સામેલ થઈ જા અને ત્યાંથી કદી પોતાની વસ્તીમાં પરત આવતો નહીં.''

તે વ્યક્તિ પેલી વસ્તીમાં જવા માટે પોતાના ઘરેથી નીકળી પડ્યો. હજી તે અડધા માર્ગે જ પહોંચ્યો હતો ત્યાં તો તેનો આખરી સમય આવી ગયો. અલ્લાહના નેક બંદાઓની રૂહ રહેમતના ફરિશ્તાઓ કબ્ઝ કરે છે. જ્યારે ભૂંડા લોકોની રૂહ અઝાબના ફરિશ્તાઓ કબ્ઝ કરે છે. તેથી આ વ્યક્તિની રૂહ કબ્ઝ કરવા માટે બંને પ્રકારના ફરિશ્તાઓ આવી પહોંચ્યા. રેહમતના ફરિશ્તાઓ દલીલ કરવા લાગ્યા કે "આ વ્યક્તિ પોતાના ગુન્હાઓનું પ્રાયશ્ચિત કરીને સંપૂર્ણપણે અલ્લાહની ઈચ્છાને આધિન થઈને આવ્યો છે, તેથી તેની રૂહને કબ્ઝ કરવાનો હક અમારો છે" જ્યારે અઝાબના ફરિશ્તાઓ કહેવા લાગ્યા કે આ વ્યક્તિએ તો કદીયે કોઈ નેક કામ કર્યું નથી તેથી તેની રૂહ કબ્ઝ કરવાનો હક અમારો જ છે." આ વાદ-વિવાદ થતો હતો ત્યાં તો એક અન્ય ફરિશ્તો મનુષ્ય દેહ ધારણ કરીને પ્રગટ થયો. તે ફરિશ્તાઓના બંને પક્ષકારોએ તેને નિર્ણય લેવા પોતાનો મધ્યસ્થી બનાવ્યો, તો તેમણે ફેંસલો સંભળાવ્યો કે આ માણસ જે ખરાબ લોકોની વસ્તી તરફથી નેક લોકોની વસ્તી તરફ જઈ રહ્યો હતો તે વચ્ચેનું અંતર ચોકસાઈથી માપવામાં આવે અને સ્થળનું અંતર પણ માપવામાં આવે. હવે આ વ્યક્તિ જે લોકોથી વધારે નજીક હશે તે પ્રકારના ફરિશ્તાઓને આની રૂહ કબ્ઝ કરવાનો હક હશે. તેથી જ્યારે બંને વસ્તિઓ વચ્ચેના અંતરને માપવામાં આવ્યું તો તે વ્યક્તિ નેક લોકોની વસ્તીથી વધારે નજીક હતો. તેથી રહેમતના ફરિશ્તાઓએ તેની રૂહ કબ્ઝ કરી લીધી.

આ પ્રસંગના ઘણાં સૂચિતાર્થો છે. મુખ્ય તો એ છે, મનુષ્યે અલ્લાહની રેહમતથી ક્યારેય નિરાશ થવું જોઈએ નહીં, પરંતુ ખુદા તઆલાની રહેમતની આશા રાખીને પોતાના ગુન્હાઓની ખુબ તૌબા કરવી જોઈએ. કેમકે હદીસમાં છે કે પોતાના મૃત્યુની પળ પહેલાં પણ જો ખરા દિલથી પોતાના ગુન્હાઓની તૌબા કરી લેશે તો તેની પણ તૌબા કબૂલ થશે. કેમકે અલ્લાહ તઆલાને તો પોતાના બંદાની તૌબાથી ઘણી ખુશી થાય છે.



# આર્ટ ગૅલૅરી



વહાલા બાળકો, અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો
અથવા તો બાજુમાં આપેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો.
જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.

وَإِذَا جَآءَكَ ٱلَّذِينَ
يُؤْمِنُونَ بِـَٔايَـٰتِنَا فَقُلْ سَلَـٰمٌ عَلَيْكُمْ

**જ્યારે તમારી પાસે કોઈ મોઅમેનીન આવે તો એમને કહો કે તમારા પર અમારો સલામ**




E-mail : hadimasik@yahoo.com

# અમારા પ્રશ્નો - તમારા જવાબો

પ્રશ્ન-૧ માહે ઝિલ્કાદના પ્રારંભના દિવસોને કયો હફતો (સપ્તાહ) કહેવામાં આવે છે ?

(અ) હફ્ત એ વહદત (બ) હફ્ત એ તબલીગ

(ક) હફ્ત એ વિલાયત (ડ) હફ્ત એ શહાદત

પ્રશ્ન-૨ આ મહીનામાં કયા મહાન ભાઈ-બહેનની વિલાદત થઈ છે ?

(અ) ઈમામ હુસૈન અ.સ. અને જનાબ ઝૈનબ સલા.

(બ) ઈમામ અલી અ.સ. અને જનાબ ઉમ્મે હાની સલા.

(ક) ઈમામ રિઝા અ.સ. અને જનાબ ઝયનબ સલા.

(ડ) ઈમામ રિઝા અ.સ. અને જનાબ માઅસૂમએ કુમ સલા.

પ્રશ્ન-૩ ઈમામ રિઝા અ.સ.ની વિલાદત અને શહાદત ઝિલકાઅદતુલ હરામની કઈ તારીખોએ થઇ હતી ?

(અ) ૧૧-૨૩ (બ) ૨૩-૧૦ (ક)૨૦-૦૧ (ડ)૨૯-૨૩

પ્રશ્ન-૪ ઈમામ રિઝા અ.સ.ની વિલાદત અને શહાદત બંને કયા માસમાં થઈ હતી ?

(અ) ઝિલકાઅદ (બ) રજબ (ક) ઝિલહજ (ડ) બધાં ખોટાં

પ્રશ્ન-૫ ઝિલકાઅદના મહીનામાં નબીયે અકરમ સ.અ.વ.એ ખુબજ અગત્યની કઈ સંધિ (સુલેહ) ફરમાવી હતી ?

(અ) બદર (બ) હુદૈબિયા (ક) મક્કા (ડ) રાઝિયા

પ્રશ્ન-૬ ઝિલકાઅદના મહીનામાં ખાનદાને અહલેબૈતનો કયો ખુબ જ મોટો શત્રુ જહન્નમમાં ગયો હતો ?

(અ) નમરૂદ (બ) હજ્જાજ (ક) અશ-અશ-બિન-કૈસ (ડ) બધાં ખરાં

પ્રશ્ન-૭ નબીયે અકરમ સ.અ.વ.એ પોતાના આખરી હજ માટે ઝિલકાઅદની કઈ તારીખે રવાનગી ફરમાવી હતી ?

(અ) ૨૦ (બ) ૨૩ (ક) ૫ (ડ) ૨૬

પ્રશ્ન-૮ નબી સ.અ.વ. સાથે આખરી હજમાં કેટલાં લોકો સામેલ થયાં હતાં ?

(અ) ૧ લાખ (બ) ૨ લાખ (ક) ૫૦ હજાર (ડ) એક લાખ ઉપરાંત

પ્રશ્ન-૯ ઈમાનની કડીઓમાંથી સૌથી મજબૂત કડી કઈ છે ?

(અ) અલ્લાહ ઉપર ભરોસો (બ) નમાઝ (ક) હજ

(ડ) અલ્લાહની પ્રસન્નતા

પ્રશ્ન-૧૦ નબીયે અકરમ સ.અ.વ.એ પોતાના આખરી હજ ઉપરથી પરત ફરતાં માર્ગમાં કયા મહત્ત્વના હોદ્દાની ઘોષણા કરી હતી ?

(અ) નબુવ્વત (બ) અહ્લીયત (ક) ઈમામત (ડ) રિસાલત

# માતા-પિતાનું સ્થાન

## હદીસો :

★ રસૂલે અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે "જે વ્યક્તિએ માહે રમઝાનુલ મુબારકની ફઝીલતોને જાણી સમજીને પણ તેનો લાભ ન ઉઠાવ્યો હોય અને (તેને કારણે) તેના ગુનાહો માફ કરવામાં આવ્યા ન હોય તો ખુદાવંદે આલમ તેને પોતાની રહેમતથી દૂર કરી દે છે અને જે વ્યક્તિ પોતાના માતાપિતાની સેવા (ન કરવા)ને કારણે માફ ન થઈ શકે તેને (પણ) ખુદાવન્દે આલમ પોતાની રેહમતથી દૂર કરી દે છે. અને જે વ્યક્તિ મારૂં નામ સાંભળે અને સલવાત ન પઢે તેને માફ કરવામાં આવતો નથી. અને (તેથી) તેને (પણ) ખુદાવન્દે આલમ પોતાની રેહમતથી દૂર કરી દે છે. (બિહારૂલ અનવાર - ભા. ૭૪ પા. ૬૭ - અમાલીયુસ્સદુક - પા. ૫૭)"

★ રસૂલે ખુદા સ.અ.વ. એ ફરમાવ્યું છે કે : કયામતના દિવસે નેક લોકોનો સરદાર એ વ્યક્તિ જ હશે જે પોતાના માતા-પિતાના અવસાન પછી (પણ તેમની સાથે) નેકી કરતો રહેતો હોય. (બિહારૂલ અનવાર - ભા.૨ પા. ૮૬)

★ નબીયે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે : પાંચ બાબતો મહાન ગુનાહો પૈકી છે. (૧) ખુદાની સાથે બીજા કોઈને (ખુદા તરીકે) સામેલ કરવો (૨) માતા-પિતા તરફથી બહિષ્કૃત થઈ જવું. (૩) યુધ્ધ (ધર્મ યુધ્ધ-જિહાદ)માંથી ભાગી જવું (૪) નિર્દોષ ને કત્લ કરી નાંખવું (૫) ખોટા સમ ખાવા. આ તમામ બાબતો ઘરની બરબાદીનું કારણ બને છે. (જામેઉલ અખબાર - પા. ૮૪)

★ નબીયે અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું છે કે : જો સ્વર્ગની અપ્સરા (હૂર)ના કપાળે ચુંબન કરવાની ઈચ્છા હોય તો પોતાના માતા-પિતાને ચુંબન કરો અને જો તે જીવિત ન હોય તો તેમની કબરને ચુંબન કરો. (અઅલામે કુત્બુદીન હનફી પા. ૨૪)

★ પયગમ્બર સ.અ.વ.એ ફરમાવ્યું છે કે : મેં મારી ઉમ્મતના એક વ્યક્તિને સપનામાં જોયો કે ફરિશ્તો તેની રૂહ કબ્જ કરવા માટે આવ્યો, તે વખતે તે વ્યક્તિ પોતાના માતા-પિતા સાથે નેકી કરી રહ્યો હતો, તેથી ફરિશ્તો પાછો ચાલ્યો ગયો.

(બિહારૂલ અનવાર - ભા-૭૪, પા. ૮૦)



E-mail : hadimasik@yahoo.com

**એક પ્રસંગ :** કહેવાય છે કે "ઝમખ્શરી" કે જે એક મહાન વિદ્વાન હતાં, તેમનો એક પગ કાંઈક અંશે લંગડો હતો. જ્યારે લોકોએ તેનું કારણ જાણવાની ઈચ્છા કરી તો આપે બયાન કર્યું કે આ મારા માતાની બદદુઆ (શ્રાપ)નું પરિણામ છે. હું બાળપણમાં એક ચકલીના પગમાં દોરી બાંધીને રમતો હતો. જ્યારે મેં દોરી ખેંચી તો એકાએક તેનો પગ તૂટી ગયો. મારી માતાએ આ દૃશ્ય જોઈ લીધું અને મને બદદુઆ આપી કે જેવી રીતે તેં આના પગને ભાંગી નાંખ્યો છે,ખુદા પણ તારા પગને ભાંગે !!! તે પછી હું જ્યારે મોટો (પુખ્ત વયનો) થઈ ગયો ત્યારે એક દિવસ એક સવારી ઉપર સવાર થઈને બુખારા શહેર તરફ જઈ રહ્યો હતો. માર્ગમાં હું એકાએક સવારી ઉપરથી પડી ગયો અને મારો એક પગ ભાંગી ગયો. મેં તેનો ખુબ ઈલાજ કરાવ્યો પણ સાજો ના થયો. ત્યારે હું સમજી ગયો કે આ મારી માતાની બદદુઆનું પરિણામ છે, જે બાળપણમાં મારા માટે કરી હતી.

તેથી હે વ્હાલી માતાઓ ! તમો એવો જ પ્રયત્ન કરતાં રહેજો કે કદી પોતાના સંતાનો માટે લાનત કે બદદુઆ ન કરો - જો તેઓ કોઈ ભૂલ કરે અને તમે તેમનાથી નારાજ થઈ જાવ તો પણ તેમના માટે દુઆ જ કરજો જેથી તેઓ સુધરી જાય.

(હુકુકે વાલેદૈન - (પુસ્તક) પા. ૨૭૬)



# માઅરેફતે પરવરદિગાર

## ખુદાની માઅરેફત (ખુદાને યોગ્ય રીતે ઓળખવું તે)

### દરેક વસ્તુ ખુદાના અધિકારના તાબે છે
(સૂરએ યુસુફ : ૩૧)

હાદી : ગુરૂજી! જો તમામ અધિકાર ખુદાને જ પ્રાપ્ત થએલાં હોય અને તેની ઈચ્છા વગર કોઈ કાંઈ કરી શકતું ન હોય તો આપણને તો કોઈ અધિકાર જ ન કહેવાય, અને જો આપણાં કાર્યો આપણી ઈચ્છાને વશ ન હોય તો પછી આપણે જે કાંઈ કરીએ છીએ તેની જવાબદારી પણ આપણી ન કહેવાય ને !

ગુરૂજી : આ પણ એક એવો પ્રશ્ન છે, જે બાળકો જ નહીં, પણ મોટેરાઓ પણ વિચારતા રહે છે. પરંતુ તેનો જવાબ તદ્દન સ્પષ્ટ છે. હા તો - હવે તમે મને એ જણાવો કે તમે મારી પાસે આવ્યા છો તો તમે તમારી ઈચ્છાથી આવ્યાં છો કે કોઈ અન્યની ઈચ્છાથી ?

હાદી : ના ગુરૂજી ! હું મારી ઈચ્છાથી અહિયાં આવ્યો છું.

ગુરૂજી : અને આ જે કાંઈ તમે કરો છો તે - દા.ત. ખાઓ છો - સૂઈ જાવ છો - રમો છો - ઉભા રહો છો - બેસો છો - એવા તમામ કામો તમે પોતાની મરજીથી કરો છો કે કોઈ અન્યની મરજી પ્રમાણે ?

હાદી : ના, ગુરૂજી ! આ તમામ કામો હું મારી મરજીથી જ કરૂં છું.

ગુરૂજી : વત્સ !! યાદ રાખો. ખુદાએ તમને સંપૂર્ણપણે પોતાની ઈચ્છાને આધિન બનાવી દીધાં નથી. તેવી જ રીતે તમને સંપૂર્ણપણે સ્વતંત્ર પણ છોડી દીધાં નથી. હા,

તમે કાર્ય કરવામાં સ્વતંત્ર છો. પરંતુ નિયંત્રણો ત્યાં પણ છે. ત્યાં પણ કેટલાંક કાર્યો કરશો તો તેનો બદલો મળશે અને નહીં કરો તો સજા પણ થશે. એટલે કે તમને સંપૂર્ણપણે સ્વતંત્રતા (સ્વછંદતા) પણ નથી આપી કે તમારી મરજીમાં આવે તેવી રીતે વર્તો અને તમને એટલે સુધી પોતાની ઈચ્છાને આધિન પણ નથી બનાવી દીધાં કે તમે તમારી ઈચ્છાથી કાંઈ જ ન કરી શકો. માર્ગ ચીંધી દીધેલ છે અને બંનેના પરિણામ પણ જણાવી દીધાં છે. હવે તમે જે કરશો તે પ્રમાણે (બદલો કે સજા) મળશે.

વત્સ ! આને સમજવા માટેનો એક પ્રસંગ ઈતિહાસમાં નોંધાયેલ છે. જ્યારે ઈમામ સાદિક અ.સ.એ ફરમાવ્યું કે બંદો પોતાના કામો પોતાની ઈચ્છાને આધિન રહીને કરે છે. ત્યારે અબૂહનીફાએ એક દિવસ પોતાના વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતી વખતે કહ્યું કે ઈમામની આ વાત મને સમજાતી નથી કે બંદો પોતાના કામો પોતાની ઈચ્છાને આધિન રહીને કરે છે અને ખુદા બંદાઓના કામોમાં દખલગીરી નથી કરતો. મારી તો શ્રધ્ધા એ છે કે જે કાંઈપણ કરે છે તે ખુદા જ કરે છે. બંદો કાંઈ નથી કરતો. જનાબ બેહલૂલ ત્યાંથી પસાર થઈ રહ્યાં હતા. જ્યારે તેમણે અબૂહનીફાની આ વાત સાંભળી તો તેને પાઠ ભણાવવા માટે એક ઢેખાળો ઉપાડીને અબૂ હનીફાને મારી દીધો. જ્યારે તેને તે ઢેખાળો વાગ્યો તો તે બૂમબરાડા પાડવા લાગ્યો. તેના વિદ્યાર્થીઓ બેહલૂલને પકડીને કાઝી સમક્ષ લઈ ગયાં. ત્યાં પોતાનો કેસ રજુ કર્યો. કાઝીએ જ્યારે બેહલૂલને આ બાબતમાં પૂછ્યું તો બહેલૂલે કહ્યું - “મેં તેને આ ઢેખાળો માર્યો નથી” અબૂ હનીફા જે દર્દમાં તડપી રહ્યો હતો તેણે કહ્યું “ઢેખાળો આણેજ માર્યો છે, આ જુઠું બોલે છે.” કાજીએ બેહલૂલને પોતાની સફાઈ રજુ કરવા કહ્યું તો બેહલૂલે અબૂહનીફાને સંબોધીને કહ્યું “ભાઈ! તમે તો એવી શ્રધ્ધા રાખો છો ને કે - જે કાંઈ પણ કરે છે તે ખુદા જ કરે છે. બંદો તો કાંઈ નથી કરી શકતો - ખુદા બંદા



પાસે તે કરાવે છે - જો તમારી આ શ્રધ્ધા સાચી જ હોય તો પછી આ ટેખાળો મેં નહીં પરંતુ ખુદાએ માર્યો કહેવાય !!! મને આ અંગે શા માટે દોષી ઠેરવો છો - જે કાંઈ ફરિયાદ કરવી હોય તે ખુદા વિરૂધ્ધ જ કરો. ”

હાદી : હા- ગુરુજી ! હવે મને સમજાઈ ગયું કે બંદો પોતાના કાર્યો પોતાની ઈચ્છાથી કરે છે. પરંતુ આપણે આપણાં રોજીંદા જીવનમાં અનુભવીએ છીએ કે કેટલાંક એવા કાર્યો પણ હોય છે જે બંદાની ઈચ્છાને આધિન હોતાં નથી.

ગુરૂજી : હા વત્સ ! વાત તો તદ્દન સાચી છે. પરંતુ એવા કાર્યો કે જે બંદાની ઈચ્છાને આધિન નથી હોતા, તેની જવાબદારી પણ બંદાની નથી હોતી. જગતમાં કેટલાંક કામો બંદો પોતાની ઈચ્છાથી નથી કરી શકતો. પરંતુ જો ખુદાની મરજી હોય તે સંજોગોમાં જ તે કરી શકે છે. દા.ત. એક વ્યક્તિ ઈમામ અલી - અ.સ. પાસે આવ્યો એને પૂછ્યું. “મૌલા! બંદો બધાં કાર્યો પોતાની ઈચ્છાથી કરી શકે છે ?” ઈમામ કહ્યું “તમે તમારો એક પગ ઊંચો કરીને ઉભા રહો” તે વ્યક્તિ એક પગ ઉપર ઉભો રહી ગયો. ઈમામ અ.સ. એ તે પછી કહ્યું “હવે આ સ્થિતિમાં બીજો પગ પણ ઊંચો કરી લો. તે વ્યક્તિ બીજો પગ કયાંથી ઉપાડી શકે ! ત્યારે ઈમામે ફરમાવ્યું “જુઓ ભાઈ ! જેવી રીતે એક પગ ઊંચો કર્યા પછી બીજો પગ પણ ઊંચો કરવો બંદાની ઈચ્છાને આધિન નથી તેવી જ રીતે કેટલાંક કામો એવા હોય છે જે બંદો કરી શકે છે અને કેટલાંક કામો એવા હોય છે જે બંદો કરી શકતો નથી.”

હાદી : ગુરૂજી ! હું સમજી ગયો. પરંતુ આપ જે કામો બંદાની ઈચ્છાને આધિન નથી તેવા કામોના દાખલા આપો તો તે બાબત વધુ સ્પષ્ટ થઈ જાય.

ગુરૂજી : વત્સ ! એવા કાર્યોના ઘણા દૃષ્ટાંતો છે. દા.ત. બંદાઓને જીવન અને મૃત્યુ આપવું - સૂર્યને પૂર્વમાંથી ઉદિત કરવો - વરસાદ વરસાવવો - વૃક્ષો ઉપર ફળ ઉગાડવા વિગેરે.

# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારું રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારું પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**રાજાણી મહદીનવાઝ**
નવા બસ સ્ટેન્ડની સામે, મહેદીબાગ, મહુવા.



**રાજાણી ઝૈનઅલી ઈમરાન હૈદર**
પંજેતની પેલેસ, ભાવનગર.



**ભીમાણી હસનૈન અખ્તરઅલી**
મહેન્દ્રપરા શેરી-૧૧, મોરબી.



# અણમોલ મોતી

## હિકમતવાળો :

"અને તે સમયને યાદ કરો જ્યારે ઈબ્રાહીમે પોતાના પિતા (કાકા) આઝરને કહ્યું" શું તમે આ મુર્તિઓને પ્રાર્થનાને પાત્ર (માઅબૂદ) બનાવો છો ? અને હું તમને અને તમારી કોમને દેખીતી રીતે પથભ્રષ્ટ જોઉં છું.

(સૂરએ અન્આમઃ (૬) : આયત - ૭૪)

## નમાઝ પઢતાં રહો :

અને (આ આજ્ઞા પણ કરવામાં આવી છે કે) નમાઝ પઢતા રહો, અલ્લાહથી ડરતાં રહો અને તે એ જ તો છે જેની સમક્ષ તમને એકત્ર કરવામાં આવશે.

અને તે એ જ છે, જેણે આકાશો અને પૃથ્વીને ખાસ ઈરાદાપૂર્વક સર્જયાં છે. અને જે દિવસે તે (કયામત ના સંબંધમાં) ફરમાવશે "થઈ જા" તો તે (તરત જ) થઈ જશે. તેનું ફરમાન સત્ય છે, અને જે દિવસે સૂર (એક વાજિંત્ર જે કયામતના દિવસે જ ફૂંકવામાં આવશે) ફૂંકવામાં આવશે ત્યારે તેની જ સત્તા હશે. અદૃશ્ય અને પ્રત્યક્ષનો તે જાણકાર છે, અને તે જ મહાન હિકમત (હિકમત) વાળો (અને) જાણકાર છે.

(સૂરએ અન્આમ(૬) - આયત ૭૨-૭૩)


E-mail : hadimasik@yahoo.com

## અલ્લાહનો અઝાબ :

(હે રસૂલ સ.અ.વ.) કહી દો કે તે તમારા ઉપર (તમારા) માથા ઉપરથી અથવા તમારા પગો હેઠળથી કોઈ અઝાબ મોકલવા શક્તિમાન છે, અથવા તમને (જુદા-જુદા) પક્ષો પાડી (એકબીજા સાથે) મતભેદમાં નાંખી દઈ એકબીજા સાથે લડાઈનો સ્વાદ ચખાડી દે. તું જો. અમે આયતો કેવી રીતે જુદા-જુદા અંદાઝમાં બ્યાન કરીએ છીએ. જેથી કરીને તેઓ સમજી જાય.

(સૂરએ અન્આમ-૬- આયત - ૬૫)

## અલ્લાહ વિપત્તિઓમાંથી ઉગારે છે :

(હે રસૂલ સ.અ.વ.) કહી દો કે રણ અને સમુદ્રના (જમીન ઉપરના પાણીમાંના) અંધકારમાંથી તને કોણ ઉગારે છે ? જ્યારે કે તમે કરગરી-કરગરીને અને છાનાં-છાનાં (એવી) યાચના કરો છો કે જો તે અમને આ (વિપત્તી) માંથી ઉગારી દે તો ખચીત જ અમે (તારો) આભાર માનનાર થઈ જઈશું.

તમે કહી દો કે "અલ્લાહ જ તમને તેનાથી (અંધકારમાંથી) અને દરેક વિપત્તિમાંથી છુટકારો આપે છે. તેમ છતાં પણ તમે (અન્યને તેનો) શરીક બનાવો છો."

(સૂરએ અન્આમ-૬- આયત ૬૩-૬૪)

# પત્રાવલી

**વહાલા બાળકો,**
**આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**
**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**વિરાણી મહંમદ રઝા**
તળાજા.



**રાજાણી કોમેલ અબ્બાસ**
મહુવા.



**ઝૈદી ઝૈનુલ અબ્બાસ**
મોટા ખુંટવડા.



**નકવી બાબુલ સરદારઅલી**
હાજી નાજી બોર્ડીંગ, ભાવનગર.

# સાચા જવાબો

પ્રશ્ન-૧ : શવ્વાલ માસની કઈ તારીખે 'ઈદુલ ફિત્ર' આવે છે ?
(અ) ૧-તારીખ

પ્રશ્ન-૨ : શવ્વાલ માસમાં કઈ લડાઈ થઈ હતી ?
(ડ) 'અ' અને 'બ' બંને

પ્રશ્ન-૩ : ઈમામ અલી અ.સ. માટે કયા માસમાં આથમી ગએલ સૂર્યને પાછો પલટાવવામાં આવેલ ?
(અ) શવ્વાલ

પ્રશ્ન-૪ : ઈમામ કાઝિમ અ.સ.ને કયા માસમાં પકડી લેવામાં આવ્યાં હતાં ?
(અ) શવ્વાલ

પ્રશ્ન-૫ : જનાબ હમઝા કઈ લડાઈમાં શહીદ થયાં હતાં ?
(ક) ઓહદ

પ્રશ્ન-૬ : ઈમામ સાદિક અ.સ.ની શહાદત ક્યારે થઈ હતી ?
(ડ) બધાં ખોટાં

પ્રશ્ન-૭ : ઈમામ સાદિક અ.સ.ને કયા ખલીફાએ ઝેર આપ્યું હતું ?
(અ) મન્સૂર

પ્રશ્ન-૮ : ઈમામ સાદિક અ.સ.ની ઉમ્ર કેટલી હતી ?
(અ) ૬૫ વરસ

પ્રશ્ન-૯ : અબાસલત કોના સહાબી હતાં ?
(અ) ઈમામ રિઝા અ.સ.ના

પ્રશ્ન-૧૦ : 'બકીઅ'ના કબ્રસ્તાનને ક્યારે તોડી નાંખવામાં આવ્યું હતું ?
(ડ) ૮-શવ્વાલ સને ૧૩૪૪ હિજરી

નોંધ : "શવ્વાલુલ મુકર્રમ માસની કેટલીક ઘટનાઓ"માં આપેલ – <u>૧૫ શવ્વાલના દિવસે જ "બદર" નામની લડાઈ થઈ હતી. તેમ લખેલ છે</u> તેની જગ્યાએ સાચો જવાબ "ઓહદ" આવશે.

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ, જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**



"HADI MASIK" Publishers : Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)
Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440. Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612
E-mail : hadimasik@yahoo.com

Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474